©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVI ] THURSDAY, 02nd OCTOBER, 2025/ASHVINA 10, 1947 [ Issue No. 40**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

## PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 919-938 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 4021-4134 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૭૮-૨/૨૦૨૫.-આગામી દિવસોમાં જન્માષ્ટમી તહેવાર આવનાર હોય જે અન્વયે પોરબંદર ચોપાટી ગ્રાઉન્ડ ખાતે જન્માષ્ટમી લોકમેળાનું આયોજન તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ દિન-૫(પાંચ) સુધી યોજાનાર છે. જે અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુવ્યવસ્થિત રીતે ટ્રાફીક નિયમન થાય અને કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે નીચે જણાવેલ વિગતેના રસ્તાઓમાં તેમના નામ સામે જણાવેલ વાહનોને જણાવેલ સમયગાળા માટે અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ લાદતું, એકમાર્ગીય રસ્તાઓ જાહેર કરતુ અને મેળા માટે આવતા વાહનો માટે પાર્કીંગની જગ્યા જાહેર કરતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./જન્માષ્ટમી/૧૩૦૦/૨૦૨૫, તા. ૦૬-૦૮-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત અન્વયે ટ્રાફીક નિયમન માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઈષ્ટ જણાય છે.

સબબ, હું એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી હું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતે ટ્રાફીક નિયમન પ્રતિબંધ ફરમાવું છું.

| વાહન અવર-જવર પ્રતિબંધ | | | | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ક્રમ | રસ્તાનું નામ | કયા પ્રકારના વાહનો માટે | તારીખ તથા સમય | |
| ૧. | જુના ફુવારા થી રીલાયન્સ ફુવારા સુધી | ૧. રીક્ષા (થ્રી વ્હીલર તમામ)<br>૨. ફોર વ્હીલર વાહનો તથા બસ, ટ્રક સહિત અન્ય મોટા વાહનો પ્રવેશ બંધ) | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | આ જાહેરનામામાં મેળાના આયોજનમાં સંકળાયેલા અને કાર પાસ વાળા વાહનો તથા સરકારી/અર્ધસરકારી વાહનો તેમજ બીમાર/અશકત/અપંગ માણસોને લઈ જતા વાહનોને મુકતી આપવા અને કર્લીના પુલ તરફથી આવતી એસ.ટી. બસો તથા જયુબેલીના પુલ તરફથી આવતી તમામ બસો રાણીબાગ હેડ પોસ્ટ ઓફીસ થઈ બસ ડેપોએ આવવાનું રહેશે. |
| ૨. | નવા ફુવારા થી એસ.ટી. સર્કલ સુધી | ૧. રીક્ષા (થ્રી વ્હીલર તમામ)<br>૨. ફોર વ્હીલર વાહનો (ફોર વ્હીલર, બસ, ટ્રક સહિત અન્ય મોટા વાહનો પ્રવેશ બંધ | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૩. | દદુના જીમથી રીલાયન્સ ફુવારા સુધી | તમામ પ્રકારના વાહનો | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૪. | એસ.ટી. સર્કલથી રીલાયન્સ ફુવારા થી ઓશીયોનિક હોટલ થી કનકાઈ મંદિર સુધી | તમામ પ્રકારના વાહનો | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૫. | ચોપાટી મેળા મેદાનમાં પ્રવેશવાના તમામ ગેઈટ થી અંદર લઈ જવા કે બહાર લઈ જવાની મનાઈ. | તમામ પ્રકારના વાહનો | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૬. | જયુબેલી પુલ ચાર રસ્તાથી પોરબંદર સીટી તરફ અંદર આવતા જયુબેલી પુલ તરફ આવતો રસ્તો | ટુ-વ્હીલર તેમજ થ્રી વ્હીલર વાહન સિવાયના તમામ વાહનો (ફોર વ્હીલર, બસ, ટ્રક સહિત અન્ય મોટા વાહનો) નો પ્રવેશ બંધ | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | તમામ મોટા વાહનો રોકડીયા હનુમાન તરફ જતા રસ્તાથી નરસંગ ટેકરી થઈ પોરબંદર સીટીમાં પ્રવેશ કરી શકશે. (ઈમરજન્સી વાહન માટે છુટ) |
| ૭. | જયુબેલી ચાર રસ્તાથી આવેલ સતીમાના મંદિર પાસે આવેલ બંદર તરફ જતો રસ્તો | ટુ-વ્હીલર તેમજ થ્રી વ્હીલર વાહન સિવાયના તમામ વાહનો (ફોર વ્હીલર, બસ, ટ્રક સહિત અન્ય મોટા વાહનો) નો પ્રવેશ બંધ | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | તમામ મોટા વાહનો રોકડીયા હનુમાન તરફ જતા રસ્તાથી નરસંગ ટેકરી થઈ પોરબંદર સીટીમાં પ્રવેશ કરી શકશે. (ઈમરજન્સી વાહન માટે છુટ) |

| વાહન અવર-જવર પ્રતિબંધ | | | | | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | રસ્તાનું નામ | | કયા પ્રકારના વાહનો માટે | | તારીખ તથા સમય | |
| ૮. | માર્કેટ યાર્ડ પાસે આવેલ કડીયા પ્લોટ તરફ જતા ખોડીયાર મંદીરવાળો રસ્તો | | ટુ-વ્હીલર તેમજ થ્રી વ્હીલર વાહન સિવાયના તમામ વાહનો (ફોર વ્હીલર, બસ, ટ્રક સહિત અન્ય મોટા વાહનો) નો પ્રવેશ બંધ | | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | તમામ મોટા વાહનો રોકડીયા હનુમાન તરફ જતા રસ્તાથી નરસંગ ટેકરી થઈ પોરબંદર સીટીમાં પ્રવેશ કરી શકશે. (ઈમરજન્સી વાહન માટે છુટ) |
| **એકમાર્ગીય રસ્તાઓ જાહેર કરવા** | | | | | | |
| ૧. | કમલાબાગથી જુના ફુવારા સુધી ફકત પ્રવેશ આવવા માટે વનવે | ૧. | રીક્ષા (થ્રી વ્હીલર તમામ) | | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| | | ૨. | લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો) | | | |
| ૨. | સ્ટેશન ચોકીથી રામ ગેસ્ટ હાઉસ સુધી ફકત પ્રવેશ આવવા માટે વનવે | ૧. | રીક્ષા (થ્રી વ્હીલર તમામ) | | તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ (દિવસ-૫) સુધી બપોરના કલાક ૧૨-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| | | ૨. | લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો) | | | |
| **પાર્કીંગ વ્યવસ્થા** | | | | | | |
| ૧. | જયુબેલીના પુલ તરફથી આવતા ટુ વ્હીલર તથા થ્રી વ્હીલર માટેનું પાર્કીંગ | | પુર્ણીમા લોજ પાસેથી જુની કોર્ટ કમ્પાઉન્ડના દક્ષિણ તરફના ગેઈટથી પ્રવેશ કરી અને કોર્ટ કમ્પાઉન્ડમાં પાર્ક કરશે અને ત્યાથી વાહન ઉતર તરફના ગેઈટથી બહાર કાઢી રામઝરૂખા વાળા રસ્તે થઈ હરીશ ટોકીઝ પાસેથી બહાર જશે. તથા સ્મશાન પાસે આવેલ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ પાર્કીંગમાં પાર્ક કરશે. | | | |
| ૨. | માધવપુર તરફથી આવતા વાહનો થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ | | વીર ભનુની ખાંભીથી જુરીબાગ કૈલાશ ગેરેજ થઈ કનકાઈ મંદિરે ખાતે પાર્ક કરશે. હેવી વ્હીલર ટ્રક જેવા વાહનો બિરલા કામદાર કલ્યાણ કેન્દ્રની પાછળ પાર્ક થશે. | | | |
| ૩. | કર્લીના પુલ તરફથી આવતા વાહનો થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ | | ગોઢાણીયા સ્કુલ ગ્રાઉન્ડમાં વાહનો પાર્ક કરશે. હેવી વ્હીકલ ટ્રક જેવા વાહનો બિરલા કામદાર કલ્યાણ કેન્દ્રની પાછળ પાર્ક કરશે. | | | |
| ૪. | તમામ ટુ વ્હીલર વાહનોનું પાર્કીંગ | ૧. | પોલીસ હેડ કવાર્ટર ની સામે આવેલ પાર્કીંગ | | | |
| | | ૨. | નવા ફુવારા પાસે નવા બનેલ શિવજીના મંદિર પાસે આવેલ પાર્કીંગ | | | |
| | | ૩. | હેડ કવાર્ટર થી ચોપાટી મેળા ગ્રાઉન્ડ તરફ જતા રોડની સાઈડમાં આવેલ પાર્કીંગ વ્યવસ્થા | | | |
| | | ૪. | જિલ્લા ટ્રાફિક ઓફીસથી ભાવસિંહજી હોસ્પીટલ તરફ જતા રોડની સાઈડમાં કરવામાં આવેલ પાર્કીંગ વ્યવસ્થા | | | |
| **જન્માષ્ટમીના દિવસે તા. ૧૬-૦૮-૨૦૨૫ ના રોજ નીચે મુજબાન સ્થળે એકમાર્ગીય રસ્તો જાહેર કરવા બાબત** | | | | | | |
| ૧. | પોરબંદર દરીયાકાંઠે ગોવિંદ ટી.ટી.ના ઘરથી બંદર રોડ પોલીસ ચોકી સુધીનો રસ્તો (ગોવિંદ ટી.ટી. ના ઘરથી પ્રવેશ બંધ) | ૧. | ટુ વ્હીલર તમામ | | તા. ૧૬-૦૮-૨૦૨૫ ના કલાક ૧૦-૦૦ થી ૧૬-૦૦ સુધી | |
| | | ૨. | થ્રી વ્હીલર તમામ | | | |
| | | ૩. | લાઈટ મોટર વ્હીકલ | | | |

આ મેળાના આયોજનમાં સંકળાયેલ ફરજ પરના અને કારપાસ વાળા વાહનો, સરકારી/અર્ધ સરકારી વાહનો, બિમાર/અશકત/દિવ્યાંગ માણસોને લઈ જતા વાહનોને આ જાહેરનામાનો પ્રતિબંધ લાગુ પડશે નહી.

એસ. ટી. ની બસો જે કર્લીના પુલ તરફથી આવતી તથા જયુબેલીના પુલ તરફથી આવતી તમામ બસો રાણીબાગ હેડપોસ્ટ ઓફીસ થઈ એસ. ટી. ડેપોએ આવશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૦૭-૦૮-૨૦૨૫ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૦૭ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

**સને-૧૯૫૧ નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૪૩/૧ અન્વયે જાહેર નોટીસ**

## જાહેર નોટીસ

નં. એમએજી/વશી/જન્માષ્ટમી મેળો/૭૮-૧/૨૦૨૫.-પોરબંદર ખાતે આવેલ ચોપાટી ગ્રાઉન્ડનાં મેદાનમાં જન્માષ્ટમીનાં તહેવાર સબબ દર વર્ષે મેળો ભરાય છે, ચાલુ વર્ષે પણ આ મેળો તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ સુધી દિવસ-૫(પાંચ) માટે યોજાનાર છે. જેમાં મોટી સંખ્યામાં લોકોની અવર જવર રહે છે. આ સમય દરમ્યાન લોકોના જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપીરોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલાં લેવા અન્વયેનું જાહેરનામું તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ દિવસ-૫(પાંચ) સુધી બહાર પાડવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પોરબંદરએ તા. ૦૭-૦૮-૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. સદર દરખાસ્ત અમોને ઈષ્ટ જણાતાં હું, એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૪૩ની પેટા કલમ-(૧) અન્વયે મળેલ અધિકારની રૂઈએ તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૧૯-૦૮-૨૦૨૫ સુધી દિન-૫(પાંચ) બંને દિવસો સહિતની મુદત માટે પોરબંદર છાંયા નગરપાલિકા વિસ્તારમાં નીચે પ્રમાણેના આરોગ્ય વિષયક ખાસ તકેદારીના પગલાં લેવા અમલવારી કરવા ફરમાવું છું.

૧. મેળાના વિસ્તારમાં ગંદકી કરવી નહી.

૨. પીવાનું પાણી તેમજ બરફ બનાવવા માટે કલોરીન યુક્ત પાણીનો વપરાશ કરવો.

૩. અખાધ્ય/બિનઆરોગ્યપ્રદ, બગડેલ અને વાસી વસ્તુઓનું વેચાણ કરવુ નહીં.

૪. ઠંડા પીણાઓમાં બિનઆરોગ્યપ્રદ કે શરીરને નુકશાન કરે તેવી સામગ્રીનો ઉપયોગ કરવો નહીં.

૫. આરોગ્યપ્રદ ખાધ્ય પદાર્થો ખુલ્લા રાખવા નહી કે ખુલ્લા રાખી વેચાણ કરવુ નહી.

૬. જાહેર આરોગ્ય ખાતાના કર્મચારીઓ/અધિકારીશ્રીઓની જનઆરોગ્ય જાળવી રાખવા સબંધી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું.

૭. પીવાનું પાણી, પીવા માટે ઉપયોગ યોગ્ય નાં રહે તેવા કોઈ પણ પ્રકારના પીવાના પાણીને દુષિત કરે તેવા કૃત્યો કરવા નહી.

૮. મેળામાં દુધ તથા દહીનો ઉપયોગ કરી બનાવેલ સ્થાનિક ખાદ્ય બનાવટો માટે ઉપયોગમાં લેવાતા વાસણો સ્વચ્છ હોવા જોઈએ અને સ્થાનિક બનાવટમાં કલોરીનટેડ સ્વચ્છ પાણીનો જ ઉપયોગ કરવો.

૯. ચેપી રોગથી પીડાતી વ્યકિતઓને ખાદ્ય પદાર્થની બનાવટ કે વેચાણ પ્રક્રિયામાં સામેલ ન કરવા.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખવા યોગ્ય પગલા લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પોરબંદર તથા તેઓ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારીઓ/કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેર નોટીસના વિનિમયોનો ભંગ કરનાર આ અધિનિયમની કલમ-૧૩૯ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેર નોટીસ આજરોજ તા. ૦૭-૦૮-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરી.

પોરબંદર, ૦૭ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

**એસ. ડી. ધાનાણી**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

**વિષય** : ચૂંટણી દરમિયાન પ્રતિબંધીત પીણાનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના.૧૫/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. સદરહું ચૂંટણીનું મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ તથા મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે. જે અંગે રાજ્ય ચૂંટણી આયોગની સુચનાઓ અનુસાર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(સી) હેઠળ ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે ચૂંટણી દરમિયાન દારૂ તેમજ અન્ય પ્રતિબંધીત પીણાનો ઉપયોગ ન થાય તે માટે પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર, ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯નાં કાયદાની કલમ-૧૪૨ અન્વયે મળેલ સતાની રૂઈએ ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ મત વિસ્તારમાં નીચે મુજબના દિવસોએ ''ડ્રાય ડે'' જાહેર કરવા ફરમાવું છું.

(૧) સદરહુ ચૂંટણી અન્વયે મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ સવારના ૦૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર હોય, મતદાનનો સમય પૂરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૦૫-૦૦ કલાકથી તા. ૨૨-૦૬-૨૦૨૫ ના સાંજના ૦૭-૦૦ કલાક (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે.)

(૨) સદરહુ ચૂંટણી અન્વયે મતગણતરીનો દિવસ એટલે કે તા. ૨૫-૦૬-૨૦૨૫ (આખો દિવસ) ઉપરોકત દિવસોએ ચૂંટણી હેઠળના મતવિસ્તારમાં આવેલ વિદેશી દારૂના વેચાણના પરવાના (એફ.એલ.૧, એફ.એલ.૨ અને એફ.એલ.૩) તથા નશાકારક વેચાણના પરવાના હેઠળનું વેચાણ કે વિતરણ કરવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૫, ૬૬ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ મત વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૦૫-૦૦ કલાકથી તા. ૨૨-૦૬-૨૦૨૫ ના સાંજના ૦૭-૦૦ કલાક સુધી (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે.) તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ ના મતગણતરીના આખા દિવસ પુરતુ અમલમાં રહેશે.

આજ તા. ૧૭-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી જાહેરનામુ બહાર પાડ્યું.

ભાવનગર, ૧૭ માહે જુન, સને ૨૦૨૫.

---

**વષય** : મતદાનના દિવસે મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના.૧૦/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે.

ઉકત ચૂંટણીના કામે તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાનની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જે સંદર્ભે મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે મતદાનના દિવસે સુલેહ, શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચે મુજબના પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવા પર.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા પર.

(૩) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સજાવવા પર.

(૪) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા પર.

(૫) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવા પર.

(૬) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણુ સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પર.

(૭) વાહનો સાથે આવવા પર.

(૮) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી આયોગે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવા પર.

(૯) રાજકીય પક્ષોના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવા પર.

(૧૦) કોઈપણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા પર.

**નીચે મુજબના કૃત્યો પ્રતિબંધિત રહેશે નહી.**

(૧) મતદાન મથકમાં પ્રવેશ માટે મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવા પર. પરંતુ સ્ત્રી મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા હોય તો તેઓએ અલગ લાઈનમાં ઉભા રહેવનું રહેશે.

(૨) મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારાફરતી ક્રમમાં પ્રવેશવા પર.

(૩) મતદારોએ મત આપ્યા બાદ તુર્ત જ મતદાન મથક છોડી દેવાનું રહશે.

**આ હુકમમાં નીચે મુજબ આપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ, ચુંટણી આયોગે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોના હવાલો ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓને.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાનની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૧૭-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામુ બહાર પાડ્યું.

ભાવનગર, ૧૭ માહે જુન, સને ૨૦૨૫.

---

**વિષય** : મતગણતરીના દિવસે ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા તથા મોબાઈલ, સેલ્યુલર ફોન, કોડલેસ, વગેરે ઉપરકરણોના ઉપયોગ ઉપર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના.૧૪/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે.

સદરહું ચૂંટણીની તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. મતગણતરી મથકમાં પ્રવેશ પર નિયંત્રણ કરવા સારૂ સલામતી અધિકારીઓએ કોર્ડન કરેલ વિસ્તારમાં મતગણતરીના દિવસે મતગણતરી સ્થળની આજુબાજુના વિસ્તારમાં અસામાજીક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતીથી થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતગણતરી મથકે મતદાનની ગુપ્તતા જાળવવા મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતગણતરીના સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યક્તિને સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક છે તેમજ મતગણતરીના દિવસે મતગણતરીના સ્થળની આજુબાજુના વિસ્તારમાં અસામાજિક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતિથી પૂર્ણ થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે લોકોના ટોળા સ્વરૂપે એકઠા થવા પર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે.

આથી હું ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) મતગણતરી સ્થળ અને તેની આજુબાજુમાં ૨૦૦ મીટર સુધીના વિસ્તારમાં મતગણતરીના દિવસે સવારના કલાક ૬-૦૦ થી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કે તેથી વધુ માણસોએ રાજયમાર્ગો ઉપર, શેરીઓમાં, ગલીઓમાં કે પેટા ગલીઓમા એકઠા થવુ નહી, સભાઓ ભરવી નહી.

(૨) મતગણતરીના સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યકિત મતગણતરીના દિવસે સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વગેરે ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી અને તેનો ઉપયોગ કરી શકશે નહી.

ઉપર ક્રમ નં. ૧ થી મુકેલો પ્રતિબંધ મતગણતરીના કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/અધિકારીઓ/મતગણતરી એજન્ટોને મતગણતરી સ્થળ પુરતો લાગુ પડશે નહી.

ઉપર ક્રમ નં. ૨ થી મુકેલો પ્રતિબંધ મતગણતરીના કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/અધિકારીઓને મતગણતરી સ્થળ પુરતો લાગુ પડશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતગણતરી કેન્દ્ર તથા તેની આજુબાજુના ૨૦૦ મીટરમાં આવેલ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ મતગણતરીના દિવસથી મતગણતરી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૭-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામુ બહાર પાડયું.

ભાવનગર, ૧૭ માહે જુન, સને ૨૦૨૫.

---

**વિષય :** મતદાનના દિવસે મતદાન મથકમાં પ્રવેશ કરવા પર પર પ્રતિબંધ મુકવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના.૧૩/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે.

સદરહું ચૂંટણીનું મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે. જે સંદર્ભે મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે મતદાનના દિવસે સુલેહ, શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મતદાનનાં દિવસે મતદાન મથકમાં અનઅધિકૃત વ્યકિતઓનાં પ્રવેશવા પર પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ મતદાન મથકની અંદર નીચે દર્શાવ્યા મુજબની વ્યકિતઓ સિવાયની વ્યકિતઓને મતદાનનાં દિવસે મતદાન મથકમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મતદાન મથકનાં પ્રમુખ અધિકારી, મતદાન અધિકારીઓ તથા મતદારો.

(૨) દરેક ઉમેદવાર, એનો ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારનો એકી વખતે એક મતદાન એજન્ટ.

(૩) ચૂંટણી આયોગે અધિકૃત કરેલી વ્યકિતઓ.

(૪) ચૂંટણી અંગેની ફરજ પરનાં જાહેર કર્મચારીઓ.

(૫) આયોગે નીમેલા નિરીક્ષકો, સેકટર મેજીસ્ટ્રેટ/ઝોનલ ઓફીસર, માઈક્રો ઓબ્ઝર્વર, ચૂંટણી આયોગ દ્વારા અપાયેલ મીડીયા પાસ ધરાવતી વ્યકિતઓ.

(૬) મતદારે તેડેલું બાળક.

(૭) મદદ વિના હરી ફરી શકે તેમ ન હોય તેવા અંધ અને અશકત મતદાર સાથેની વ્યકિત.

(૮) મતદાન મથકનાં પ્રમુખ અધિકારી, મતદારોની ઓળખ માટે અથવા મતદાન અંગે બીજી રીતે પોતાને મદદ કરવા માટે વખતો વખત દાખલ થવા દે એવી બીજી વ્યકિતઓ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું મતદાનના દિવસ પુરતું અમલમાં રહેશે.

આજ તા. ૧૭-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૧૭ માહે જુન, સને ૨૦૨૫.

---

**વિષય :** મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા પર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના.૧૨/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક તા. ૧૭-૧૧-૨૦૨૧ ની સુચનાનુસાર મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા પર નિયંત્રણો ફરમાવેલ છે. ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે, મતદારો માટે અવરોધો ઉભા થાય છે. ચૂંટણી લડતા ઉમેદવારો અને કાર્યકરો વચ્ચે અથડામણો થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાનાં પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીનાં મુકત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી હું ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

૧. મતદાન મથકની ૨૦૦ મીટરના અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહી અને એક જ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને એક ખુરશી જ રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહીં.

૨. આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખીત પરવાનગી મેળવવી અને સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને જાણ કરવી જોઈશે.

૩. મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ/ચિન્હ પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલુ હોવું જોઈએ નહીં.

૪. મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર થવાની છુટ આપવી નહીં.

૫. મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ (હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવી. મતદાર કોઈપણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે તેમ કરતા કોઈપણ પ્રકારે કોઈ દ્વારા તેને અટકાવી શકાશે નહીં. મંડપના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

૬. કાયદો વ્યવસ્થા જાળવવામાં હરકત થશે તો મંડપ દુર કરવાની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારી કરી શકશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાનની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૭-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૧૭ માહે જુન, સને ૨૦૨૫.

---

**વિષય :** મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં ચાર કરતા વધુ માણસોએ ભેગા થવા પર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/જા.ના.૧૧/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે.

ઉકત ચૂંટણીમાં મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર યોજાનાર હોય જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈ અનુરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ ચૂંટણી લડતા ઉમેદવારોના ટેકેદારો અને કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય, જાહેર સુલેહશાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુ ના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહિ થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-૧૬૩ મુજબ પગલાં લેવા સારૂ મને પુરતું કારણ જણાય છે.

આથી હું ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ કલાકથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પુરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પુર્ણ થાય તે સમય સુધી નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં,

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

૧. ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી-કર્મચારી તથા હોમગાર્ડને.

૩. ચૂંટણી લડતા ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત કરવામાં આવે તે સ્ટાફને,

૪. અધિકૃત મતદારોને મત આપવા જતા તેમજ મતદાન પછી પરત આવવા સુધીના સમય સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાનની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૭-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૧૭ માહે જુન, સને ૨૦૨૫.

**ડૉ. મનીષ કુમાર બંસલ, IAS**
જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર.

---

## સુપરિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ દ્વારા

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/આંબલીયાલા/પાટણ વેરાવળ/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/આંબલીયાળા/૨૦૨૫.- ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : આંબલીયાળા, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : આંબલીયાળા, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કમલ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૨ આરે.-૪૮ ચો.મી.-૮૯ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : આંબલીયાળા, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

---

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/ઉંબા/પાટણ વેરાવળ/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/ઉંબા/૨૦૨૫.-ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : ઉંબા, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : ઉંબા, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કમલ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૬ આરે.-૧૬ ચો.મી.-૧૩ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : ઉંબા, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

---

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/કુકરાશ/પાટણ વેરાવળ/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/કુકરાશ/૨૦૨૫.-ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : કુકરાશ, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : કુકરાશ, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કમલ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૪ આરે.-૧૬ ચો.મી.-૮૩ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : કુકરાશ, તાલુકો : પાટણ વેરાવળ, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

---

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/જુના ઉગલા/ગીર ગઢડા/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/જુના ઉગલા/૨૦૨૫.-ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : જુના ઉગલા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : જુના ઉગલા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ભાવનગરમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કમલ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૮ આરે.-૧૧ ચો.મી.-૪૦ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : જુના ઉગલા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

---

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/કંસારીયા/ગીર ગઢડા/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/કંસારીયા/૨૦૨૫.-ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : કંસારીયા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : કંસારીયા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ભાવનગરમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કમલ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૨ આરે.-૫૭ ચો.મી.-૯૯ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : કંસારીયા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૧૭ માહે મે, સને ૨૦૨૫.

---

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/નવા ઉગલા/ગીર ગઢડા/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/નવા ઉગલા/૨૦૨૫.-ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : નવા ઉગલા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : નવા ઉગલા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ભાવનગરમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કમલ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૮ આરે.-૦૮ ચો.મી.-૩૭ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : નવા ઉગલા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

---

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/સણોસરી/ગીર ગઢડા/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/સણોસરી/૨૦૨૫.-ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : સણોસરી, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : સણોસરી, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ભાવનગરમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કમલ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૨ આરે.-૧૧ ચો.મી.-૪૫ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : સણોસરી, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

---

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/લુવારી મોલી/ગીર ગઢડા/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/લુવારી મોલી/૨૦૨૫.-ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : લવારી મોલી, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : લુવારી મોલી, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ભાવનગરમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કમલ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૧ આરે.-૨૨ ચો.મી.-૪૨ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : લુવારી મોલી, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

---

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વયોજના/૧૨૬-જાહેરનામું/આંકોલાલી/ગીર ગઢડા/૨૦૨૫, તા. ૦૫-૦૭-૨૦૨૫.

## હુકમ

નં. સિટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/આંકોલાલી/૨૦૨૫.-ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : આંકોલાલી, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : આંકોલાલી, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ભાવનગરમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

